# ડીસા-રાજપુર ગવાડી રોડ પર ગંદકી જ ગંદકી

## ખુલ્લામાં ફેકાતો મટનનો વેસ્ટ : રોગચાળાની ભિતી : સ્વાઈન ફલુની આફત વચ્ચે દુર્ગંધ મારતી ગંદકી : તંત્રનું અકળ મૌન

ડીસા, તા. ૧૪

ડીસા શહેરના મીરા મહોલ્લા ત્રણ બત્તીથી રાજપુર તરફ જતા માર્ગમાં જાહેરમાં ફેકાતી ગંદકી અને કસાઈઓ દ્વારા નાંખવામાં આવતા મટનના વેસ્ટનો મારતા કચરો નગર પાલિકાએ કે સ્વચ્છતા અભિયાનના નામે ફોટા પડાવતા અન્ય લોકોને દેખાયો નથી.

અત્યારે સ્વાઈન ફલુ જેવા રોગો દેખા દિધી


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

કોઈ ઉકેલ આવ્યો નથી. અહીં ફેકાતા મરઘાના પીછા તેમજ અન્ય પશુઓના હાડકા સહિત મટનના વેસ્ટ પર માખીઓ બણબણતી જોવા મળે છે. અને સમગ્ર માર્ગ દુર્ગંધ મારે છે. જેના કારણે અહીં પસાર થતા પહેલા નાક પર રૂલામ ઢાંકવો પડે છે.

આ વિસ્તારમાં કોઈ પણ પ્રકારની પરવાનગી વિના ધમધમતા કતલખાના અને મટનની દુકાનોનો તમામ વેસ્ટ રાજપુર અને ગવાડી રોડની સાઈડોમાં જાહેરમાં ફેકવામાં આવે છે. આ માર્ગ પર મરઘીના પીંછા, ઈંડાના ફોતરા, હાડકા, વાસી માંસ સહિત વેસ્ટ ફેકવામાં આવે છે. જેના કારણે સમગ્ર માર્ગ દુર્ગંધ મારી રહ્યો છે. તાજેતરમાં આખા દેશમાં સ્વચ્છતા અભિયાન મિશન ચાલ્યું પરંતુ આ દુર્ગંધ છે. સ્વાઈન ફલુથી મૃત્યાંક વધી રહ્યો છે. પરંતુ આ વિસ્તારમાં અગાઉ ડેન્ગ્યુ જેવા રોગચાળો ફેલાઈ ચુકયો છે અને તેનાથી મોતના બનાવ પણ નોંધાયા છે. પરંતુ આ વિસ્તારના સ્થાનિક કોર્પોરેટરની નગરપાલિકાની કે આરોગ્ય વિભાગની હજુ આંક ઉઘડી નથી. સરકારી તંત્ર આગ લાગે પછી કુવો ખોદવા દોડે છે. પરંતુ રોગચાળાના ઢગ પર બેઠેલા રાજપુર ગવાડી મીરા મહોલ્લા વિસ્તારના લોકોને તંત્રએ ભગવાન પર છોડી દીધા છે. આ બાબતે વારંવાર રજુઆતો થવા છતાં તંત્રના પેટનું પાણી હાલતુ નથી. ત્યારે આ વિસ્તારમાં ઉકેલ આવશે કે પછી રોગચાળાના ભરડા વચ્ચે માનવ જીંદગીઓ હોમાતી રહેશે ?




## ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં સ્ટાફની અછત

ખેડબ્રહ્મામાં જનરલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાય સમયથી સ્ટાફની ઘટ હોવાથી લોકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ખેડબ્રહ્મા ખાતેની જનરલ હોસ્પિટલમાં ખેડબ્રહ્મા તાલુકા, પોશીના તાલુકા તથા રાજસ્થાનના બોર્ડર વિસ્તારના ગરીબ અને વનવાસી લોકો માટે આ એક માત્ર હોસ્પિટલ છે. પણ આ હોસ્પિટલમાં છેલ્લા કેટલાય સમયથી ૮૬ના મહેકમમાં ફકત ૫૧ જગ્યાઓ ભરેલી છે જેમ વર્ગ ૧ની ૧૪ જગ્યાઓમાં ૧૦ ખાલી છે જયારે વર્ગ ૨ની ૯ પૈકી ૬ ખાલી છે.જે કુલ મળી ૩૫ જગ્યાઓ ખાલી પડી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા વારંવાર રજુઆત કરવા છતા જગ્યાઓ ભરાતી નથી. હાલમાં સમગ્ર રાજય સ્વાઈન ફલુના ભરડામાં છે ત્યારે શહેરની હોસ્પિટલમાં ફીઝીશીયન ડોકટરે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. ડોકટરોના અભાવે પ્રજાને ઈડર અને હિંમતનગર સુધી લાંબા થઈ ખાનગી દવાખાનામાં લુંટાઈ રહ્યા છે. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# થામણા મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરદાર પટેલ સ્પોર્ટ્સ સ્ટેડિયમનું લોકાર્પણ

## ભાજપે ગામડાને વિકાસનું કેન્દ્ર બનાવ્યુ છે : મંત્રી નીતીન પટેલ : થામણા સ્વચ્છતા અને વિકાસનું આર્દશ મોડલ ગામ છે : કૌશીકભાઈ પટેલ

ઉમરેઠ તા. ૧૪

ઉમરેઠ તાલુકાના થામણા ગામે આજે થામણા હેલ્થ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ અને સમરસ ગ્રામ પંચાયત થામણા આયોજીત પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ર્ડાનિવાસનું તેમજ સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષના સ્ટેજનું અનાવરણ આરોગ્ય,પરીવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ મંત્રી શ્રીનીતીનભાઈ પટેલ તેમજ ૨૦ મુદ્દા કાર્યક્રમ અમલીકરણ મંત્રી શ્રી કૌશીકભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતુ.




થામણા ગામ સરકારના રેકોર્ડમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં ૧૮ હજાર ગામડાઓ છે દર વર્ષે અબજો રૂાની ગ્રાંટ ફળવાય છે.થામણા મુકામે દાતાની સહાયથી રૂા.૨૫ લાખના ખર્ચે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર તેમજ ૫.૫ લાખના ખર્ચે સરદાર પટેલ સ્પોર્ટસ સ્ટેડિયમના સ્ટેજનું લોકાર્પણ કરતા મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સરકારી સહાયનો સદઉપયોગ કેવી રીતે કરવો તે ર્દષ્ટિ ગામના સરપંચ ચંદ્રકાંતભાઈ તેમજ આગેવાનોમાં છે. તે વાત ગૌરંવવંતી છે. હરીફાઈના જમાનામાં શિક્ષણ અનિવાર્ય છે. તેમ કહી થામણા એજયુકેશન ટ્રસ્ટના કાર્યોને બિરદાવ્યુ હતુ. તેઓએ આરોગ્ય બાબતે જણાવ્યુ કે સરકારક વ્યવસ્થા કરી આપે પરંતુ કાર્ય ડાંકટરો અને નર્સોએ કરવાનું છે. પ્રજાને સંતોષ થાય, સરકારના નાણાં,મકાનો, પગારો અને સાધનો પાછળ ખર્ચાય છે. છતાં નાગરીકોને પુરતી સારવાર મળતી નથી.તે ખૌની વાત છે. ભાજપ સરકાર ગરીબો માટે બે લાખની મફત સારવાર મધ્યમ વર્ગની બહેનો અને બાળકો માટે બે લાખ સુધી મફત સારવાર તેમજ દર વર્ષે ૧.૨૫ કરોડ બાળકોની



આરોગ્યની ચકાસણી કરે છે. અને સરકારના ખર્ચે મફત સારવાર કરવામાં આવે છે. અંતમાં તેઓએ સ્વાઈન ફલુના રોગની ચિંતા કરી હતી અને અગમચેતી માટે સલાહ આપી હતી.

# સાબરકાંઠામાં રણોત્સવને ભુલાવે તેવો પોળો ઉત્સવ ઉજવાશે

## અભાપુરની પોળો પ્રવાસીઓ માટેના આકર્ષણનું કેન્દ્ર બનશે : બંછાનીધિ પાની

હિંમતનગર, તા. ૧૪

અરવલ્લીની ગિરીકંદરાઓમાં આવેલા અને હજારો વર્ષ પુરાણા ભવ્ય ઈતિહાસ ધરાવતા વિજયનગરની પોળો ખાતે આગામી તા. ૧૭ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ-૨૦૧૫ દરમિયાન યોજાનાર પોળો ઉત્સવની ઉજવણીની સાબરકાંઠા કલેક્ટર બંછાનિધિ પાનીની સીધી રાહબરી અને દેખરેખ હેઠળ વહિવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

પોળો મહોત્સવની રૂપરેખા આપતા કલેક્ટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં તા. ૧૭ ફેબ્રુઆરી-૨૦૧૫ મંગળવારના રોજ કેમ્પ સાઈટ ખાતે યોજાનાર પોળો ઉત્સવનું ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન આદિવાસી મહિલાઓને સ્વરોજગારી મળી રહે તે માટે સખી મંડળોને રૂ. ૭.૦૦ લાખની ૫૫ સાયકલોનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત વન અધિકારપત્રોનું પણ વિતરણ કરવામાં આવશે.

સાબરકાંઠા કલેક્ટર બંછાનિધિ પાનીએ વધુમાં જણાવ્યું હતું કે, વિજયનગરમાં ભવ્ય ઈતિહાસનો વારસો સચવાયેલો છે. તેને વિશ્વફલક પર ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં માર્ચ મહિનામાં સાયકલ કાર્નિવલમાં ત્રણ દિવસ ૧૫૧ કિમી માઉન્ટીંગ રેસિંગ અને ૧૧૧ કિમીની સાયકલ રેસ પણ યોજાશે. આ ઉપરાંત મહોત્સવમાં પ્રવાસીઓ સાયકલિંગ, ટ્રેકિંગ, ફન રાઈડિંગ, જંગલ સફારી, નદી કિનારાની સવારી તેમજ બળદ, ઊંટ અને ઘોડે સવારીનો અદ્ભુત લ્હાવો લઈ શકશે. આ ઉપરાંત વધુ માહિતી આપતા કલેક્ટરે જણાવ્યું હતું કે સ્થાનિક સખી મંડળની આદિવાસી બહેનોને રોજગારીની તકો ઉભી થઈ શકે તે માટે આધુનિક તાલીમબદ્ધ ફોટોગ્રાફરો, મહેંદી અને ટેટુ પણ બહેનો પાસે ચિતરાવી શકશે.

આ ઉત્સવમાં ઈડરના ખરીદી બજારના રમકડા, માટીના રમકડા તેમજ ગામઠી ભરત-ગૂંથણ અને સ્વાદિષ્ટ ભોજન અને સાયકલ સ્ટોરના વિવિધ સ્ટોલ ધ્યાનાકર્ષણનું કેન્દ્ર બનશે. આ મહોત્સવની વિશેષતા એ છે કે પ્રવાસીઓ કુદરતના નયનરમ્ય વાતાવરણને માણી શકે તે માટે અહીં ઉભા થનાર ટેન્ટ સીટીમાં રણોત્સવને પણ ભુલાવી દે તે પ્રકારની વિશેષ સગવડ પ્રવાસીઓને પુરી પાડવામાં આવશે.

આ ઉપરાંત આગામી સમય યોજાનાર સાયકલ કાર્નીવલના સાયકલિંગ રેસમાં www.theimpossiblerace.com પર જોડવાની કલેક્ટર દ્વારા અપીલ કરવામાં આવી છે. અધિક કલેક્ટર એસ.ડી. ધાનાણી દ્વારા પોળો મહોત્સવને સફળ બનાવવા અસરકારક આયોજન ગોઠવાઈ રહ્યું છે.

## લીલછાની દાજી ગયેલ મહિલાનું સારવાર દરમિયાન મોત

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના લીલછા ગામની એક મહિલા પાચ દિવસ પહેલા અકસ્માતે ઘરે દાજી ગયેલ જેનું હિમતનગર સિવિલમાં સારવાર દરમિયાન શનિવારે સિવિલમાં મોત નીપજયું હતું આ અંગે હિમતનગર બી ડીવીઝન પોલીસ મથકે સિવિલના તબીબે જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. લીલછા ગામે રહેતા ૨૫ વર્ષીય સોનલબેન ઈશ્વરભાઈ પરમાર જે તેમના ઘરે ૯ મી ફેબ્રુઆરી ના રોજ આકસ્મિક રીતે શરીરે દાજી ગયેલ જેમને સારવાર માટે હિમતનગર સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જેમનું પાચ દિવસ બાદ શનિવારે સવારે ૬ વાગે મોત નીપજયું હતુ .આ અંગે સિવિલના તબીબ એલ.એમ.ત્પિદર્શીએ હિમતનગર બી-ડીવીઝન પોલીસને જાણ કરી હતી.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં ગુનાખોરીનો ગ્રાફ વધતો રહ્યો છે. દિન-પ્રતિદીન ચોરી, લૂંટ, ચેઈન સ્નેચીંગ, મર્ડરના ગુનાઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી. દ્વારા બાયડ તાલુકામાં થોડાક મહિનાઓ અગાઉ ટોડું પ્રાથમિક શાળામાંથી સરકાર દ્વારા પ્રાથમિક શાળામાં આપવામાં આવેલ કોમ્પ્યુટર અને એલ.સી.ડી.ની ચોરી કરનાર આરોપીઓને ઝડપી લઈ બાયડ પોલીસને હવાલે કર્યા હતા. બાયડ પી.એસ.આઈ. વિરલભાઈ પટેલ દ્વારા આ ત્રણેય આરોપીઓની આકરી પૂછપતાછ કરાતા આ લોકોએ ટોડું ગામે થયેલ તમામ ચોરી પોતે કરી છે તે કબુલી લીધું હતું. પોલીસ દ્વારા આ આરોપીઓ જોડેથી ૮ એલસીડી મોનીટર, ૩ સીપીયુ તેમજ ૧ એલસીડી સહિતનો મુદામાલ ઝડપી પાડ્યો હતો. જેમાં રમેશભાઈ રેવાભાઈ ચમાર (રહે. ટોડુ), સંજયભાઈ પટેલ (રહે. સીમલીયા), મેસરીયા (રહે. સીમલીયા, તલોદ) વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## માથાસુલિયા નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

હિમતનગર તાલુકાના માથાસુલિયા ગામ નજીક શુક્રવારે મધરાત બાદ અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નીપજયું હતું. ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ શનિવારે નોધાઈ હતી. અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ખુમાપુર ગામના ૪૨ વર્ષીય હરિસિંહ મોતીસિંહ જોદ્ધા જે ગાંધીનગર પોલીસ અધિક્ષક કચેરીમાં સેવક તરીકે ફરજ બજાવતા હતા જે શુક્રવારે મધરાત બાદ ૨.૩૦ વાગે પોતાની નવીન બાઈક પર અમદાવાદ થી ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલ ગાંભોઈ નજીક ના માથાસુલિયા થી પસાર થઈ રહ્યા હતા દરમિયાન કોઈ અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારી નાસી ગયેલ જેમાં હરિસિંહને શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજયું હતું.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સમગ્ર વિશ્વ જ્યારે આજે 'વેલેન્ટાઈન-ડે'ની ઉજવણીમાં મગ્ન છે ત્યારે પાલનપુરના રાજારામ ગુરુકુળમાં 'વેલેન્ટાઈન-ડે'ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો દ્વારા માતૃ-પિતૃ પૂજન કરવામાં આવ્યું હતું. પશ્ચિમિ સંસ્કૃતિના આંધળા અનુકરણનો વાયરો ફુંકાઈ રહ્યો છે ત્યારે ભુલાજી જતી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાના ભાગરૂપે પાલનપુરના રાજારામ ગુરુકુળ દ્વારા એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો હતો. વેલેન્ટાઈન-ડેની ઉજવણીને બદલે શાળામાં માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં નવચંડી યજ્ઞ ઉપરાંત બાલમંદિરથી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા 'માતૃ-પિતૃ' પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત દશરથગીરીજી મહારાજે આર્શીવચન પાઠવ્યા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેકટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

## વડાગામમાં સ્વાઈન ફ્લુથી વધુ એકનું મોત

વડાગામ, તા. ૧૪

સમગ્ર ગુજરાતને ઝપેટમાં લઈ ચૂકેલા સ્વાઈન ફલુના રોગે અરવલ્લી જિલ્લામાં પગપેસારો કરતાં અત્યાર સુધી કેટલાય લોકો આ રોગની ઝપેટમાં આવી હાલ દવાખાનાઓમાં સારવાર લઈ રહ્યા છે. ગઈકાલે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામની નજીક આવેલા જગાપુરકંપાની મહિલાને સ્વાઈન ફલુ ભરખી જતાં વડાગામ પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુ અને કમળાની અસરના દર્દીઓથી દવાખાનાઓ ઉભરાય છે ત્યારે અરવલ્લી જિલ્લામાં આ મહામારીના દર્દીઓમાં દિવસે-દિવસે વધારો જોવા મળી રહ્યો છે. આ રોગની અસરથી વડાગામ પંથકમાં પ્રજાજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આરોગ્ય તંત્ર પણ આવા રોગોને કાબુમાં લેવા દોડધામ મચાવી રહી છે ત્યારે જગાપુર કંપની મહિલા ચંપાબેન ભરતભાઈ પટેલને તાવ, શરદી, ઉધરસના લક્ષણો જણાતા તલોદના દવાખામાં સારવાર લીધી હતી. પરંતુ તબીબને મહિલાના રોગના લક્ષણોમાં સ્વાઈન ફલુ જણાતાં તાત્કાલીક અસરથી મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર કારાગર નિવડે તે પહેલા જ સ્વાઈન ફલુએ આ મહિલાને ભરડામાં લઈ લેતાં મોત નિપજ્યું હતું. આમ વડાગામ પંથકમાં સ્વાઈન ફલુના કારણે ૨ લોકોએ જીવ ગુમાવ્યો હોવાથી વડાગામ પંથકના પ્રજાજનોમાં ભયની લાગણી ફેલાઈ છે.